પ્રકરણ ૪

મહાભિનિષ્ક્રમણ :

સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

મુકુંદ પરીખનો જન્મ પંચમહાલ જીલ્લાના નંદીસર ગામે છવ્વીસ જાન્યુઆરી ૧૯૩૪ના રોજ થયો હતો. તેમનું પ્રાથમિક શિક્ષણ બાલાશીનોરમાંથી થયેલું. ઉચ્ચ અભ્યાસ માટે તેઓ રાજકોટ તરફ ગતિ કરે છે. રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી મુકુંદ પરીખ ૧૯૫૭માં અર્થશાસ્ત્ર સાથે સ્નાતકની પદવી મેળવે છે. ૧૯૫૪થી ૧૯૮૦ સુધી પ્રોવિડંડ ફંડ કમિશ્નરની ઓફિસમાં કાર્ય કર્યા બાદ ૧૯૮૦માં મુકુંદ પરીખ અમદાવાદ આવે છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી વકીલાતની પદવી મેળવી વકીલ તરીકેનો વ્યવસાય સ્વીકારે છે.

મુકુંદ પરીખ 'રે મઠ' તથા 'આકંઠ સાબરમતી' જેવી સાહિત્યિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા છે. 'રે મઠ' દ્વારા પ્રકાશિત નાટ્ય સંગ્રહમાં તેમનું નાટક 'ચોરસ ઈંડા એન ગોળ કબર'(૧૯૬૮) સમાવિષ્ટ પામ્યું હતું. ૧૯૭૫માં તેમની પાસે 'મોક્ષ' નામે એકાંકી સંગ્રહ વાચક જગતને સાપડે છે. ૨૦૦૪માં મુકુંદ પરીખનો કાવ્ય સંગ્રહ 'મન ચિઠ્ઠી' નામે પ્રગટ થાય છે. જેને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યો છે. મુકુંદ પરીખે રાવજી પટેલ સાથે સાહિત્યિક મેગેજીન 'શબદ'નું સંપાદન કાર્ય પણ કર્યું છે.

મુકુંદ પરીખ પાસેથી ૧૯૬૮માં આપણને એક પ્રયોગશીલ નવલકથા 'મહાભિનિષ્ક્રમણ' મળે છે. મુકુંદ પરીખ દ્વારા સાહિત્ય ક્ષેત્રમાં નાટક, નવલકથા અને કાવ્ય એમ વિવિધ સ્વરૂપમાં યોગદાન પ્રાપ્ત થાય છે. વળી, સાહિત્યિક સામયિકમાં સંપાદન કાર્ય કરી સાહિત્ય જગતની મહામુલી સેવા પણ તેમણે કરી છે.

'મહાભિનિષ્ક્રમણ' એક એવા મનોરુગ્ણ નાયક અમિતની કથા છે જે એક ગેરસમજણને કારણે તેની માતાથી દૂર ભાગતો ફરે છે. એક રિવર્સ સાયકોલોજી મુજબ તમે જેનાથી દૂર ભાગો તે બાબત તેટલી જ તીવ્રતાથી તમારો પીછો કરે છે. અહીં અમિત તેની માતા ચંદનથી સતત દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. પોતાની નવપરિણિત પત્નીને પણ માતા પાસે છોડી અમદાવાદ ચાલ્યો આવે છે કારણ કે, તેની પત્ની રમાની જીદ હોય છે કે, એ આવે તો ચંદન સાથે આવશે. અમિત માતાના સંસર્ગથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે જેથી અનેક સ્ત્રી આકારોના મોહપાશમાં જકડાયા કરે છે. અંતે તમામ રાગ છોડી સરોજને પણ છોડી ચંદનની સેવા કરવાનો નિર્ણય રૂપી મહાભિનિષ્ક્રમણ કર્મથી નવલકથાનું વર્તુળ પૂર્ણ થાય છે.

'મહાભિનિષ્ક્રમણ' કથા નાયક અમિત અને તેની આસપાસ ત્રણ સ્ત્રી બિંદુ સાથેની કથા છે. જેમાં એક છે એની માતા ચંદન, બીજી એની પત્ની રમા અને ત્રીજી પ્રેયસી સરોજ. કથા એક જ ક્ષણનો વિસ્તાર કરે છે. નાયક સરોજને જતા જોઈ રહે છે અને એના મનમાં વમળો ઊઠે છે. આ વમળો છે એની અંદર ભરાયેલા વાસનાના, પીડાના, ઇચ્છાઓના. એક પછી એક ક્ષણ વર્તુળ દ્વારા નાયક પોતે ઇન્ટેરિયર મોનોલોગ દ્વારા પોતાની કથા કહે છે.

નાયક વડોદરાના એક નાના એવા મકાનમાં રહેતા હોય છે. પોતે આઠેક વર્ષનો હોય છે ત્યારે તેના પિતા મૃત્યુ પામ્યા હોય છે. નાયકને તેના પિતા વિશે જાણ હોતી નથી. નાયકને એટલું યાદ છે કે એના પિતા મૃત્યુ પામ્યા એ પહેલા પોતાને દસનો ઘડીયો શીખવતા હતા. બીજી નાની નાની સ્મૃતિમાં એની માતા ચંદન ઘણીવાર પોતાની પેટી ખોલીને બેઠી હોય છે જેમાં તેનું પાનેતર અને અમિતના પિતાની છબી હોય છે અને એકાદ-બે ગુલાબી કાપડના કટકા હોય છે. ચંદન વારેવારે એ પેટી ખોલી અને નાયકની અનુપસ્થિતિમાં રડ્યા કરે છે. અમિત ઘણી વાર આમ કરવાનું કારણ પૂછે છે અને પાનેતર સામે ધરીને કહે છે, 'બા, આ સાલ્લો કેમ પહેરતી નથી? તને ખૂબ સરસ લાગશે.' (પાના નં.૩૫) ત્યારે ચંદન ગમગીન થઈ જાય છે 'બેટા ! અમિત, આ સાલ્લો તો હવે મારાથી ક્યારેય પહેરાશે નહીં. આ તો તારી વહુ માટે સાચવી રાખવાનો છે.'(પાના નં.૩૫) આ જ પેટીમાં રહેલા ગુલાબી કાપડના ટુકડાઓ એના સાસુ સુરજબાએ અમિતના નાનાભાઈ માટે સદરા શિવરાવવા આપ્યા હતા. ઘણા દિવસો સુધી આ સાટિંગના કાપડાઓ ચંદન હાથમાં લઈને રમાડ્યા કરતી અને શૂન્યમનસ્ક અવસ્થામાં બેસી રહેતી. અમિત પાસે પિતાજીનો કોલેજકાળનો એક ગ્રુપ ફોટો છે એમાં એક છોકરી છે એ જ મુન્ની એટલે કે સરોજની માતા સુમતીમાસી. નાયકના પિતા અને સુમતીમાસી વચ્ચે કોઈ પ્રેમસંબંધ હોવાનો બે-ત્રણ સ્થાને ઉલ્લેખ પણ મળે છે.

ઘણીવાર ચંદન રાત્રે સ્વપ્નમાં તેના પતિ સાથે વાતો કરતી હોય છે અને તેના એકાંતનો ચિત્કાર કરતી હોય છે. નાયક થોડો મોટો થાય છે ત્યારે આસપાસના લોકો દ્વારા તેની માતા વિશે અનેક વાતો સાંભળે છે કે, તેની માતાના કંકાસને કારણે જ પિતાએ મોતને વ્હાલું કર્યું. આથી અમિત પિતાના મૃત્યુ માટે માતાને જવાબદાર ગણી તેનાથી દૂર રહેવા લાગે છે. માતા પ્રત્યે તેને ઘૃણા થાય છે. અમિત ચંદનથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે અને અન્ય સ્ત્રીઓ પ્રત્યે આસક્ત થતો જાય છે. કોલેજમાં અન્ય સ્ત્રીઓ વચ્ચે રહેવા લાગે છે અને નોકરી મળતા અમદાવાદ આવી જાય

છે. અહીં પણ દરેક સ્થળે સ્ત્રીઓને ઝંખે છે. એ પોતાના જીવનની આસપાસ સતત સ્ત્રીની ઝંખના કરે છે.

એક દિવસ તે કામ પર હોય છે ત્યાં તેના રમેશ મામાનો ફોન આવે છે અને તેને પોતાના સાળા સેવંતીલાલના ઘરે બોલાવે છે. અમિતનું ઉષ્માભર્યું સ્વાગત થાય છે. એક છોકરી ધ્રુજતા હાથે ચાની ટ્રે લઈને દીવાનખંડમાં આવે છે. નાયક તેના હાથમાંથી ચાની ટ્રે લઈ લે છે. રમેશ મામા એ છોકરીનો પરિચય કરાવે છે. એ હોય છે અમિતના મામીની ભાણેજ રમા. રમાએ બી.એ.ની પરીક્ષા આપી હોય છે. રમેશ મામા ઇચ્છે છે કે અમિતને છોકરી ગમી હોય તો તે ચંદન સાથે વાત કરે. આમ રમેશ મામા અમિત અને રમાના સબંધ નક્કી કરવા માટે નિમિત્ત બને છે. અચાનક આવી પડેલ આ વાતથી અમિત ખુશ ખુશ થઇ જાય છે પણ કાંઈ બોલી શકતો નથી અને કાલે જવાબ આપવાનું જણાવીને ત્યાંથી નીકળી જાય છે.

ઘરે આવી અમિત પોતાના ઓરડામાં લાઇટ ચાલુ કરીને આનંદિત થઈ ઉઠે છે. ખુશીનો માર્યો તે જમતો પણ નથી. અમિતને આજે માત્રને માત્ર રમાના જ વિચારો આવે છે. એ હવે પછીની પોતાની જિંદગી રમા સાથે કેવી રીતે વિતાવશે એની કલ્પના કરવા લાગે છે. રમાને પોતાના ઓરડામાં લાવવાના સ્વપ્નાઓ સેવે છે. થોડાં માસ વિતતા અમિત અને રમાના લગ્ન નક્કી થાય છે. લગ્નના બીજા દિવસે રમાને લઈને વડોદરા પહોંચે છે. ચંદન સામે માત્ર રમાને જ અમદાવાદ લઈ જવાની વાત કરે છે. આથી ચંદન દુઃખી થાય છે અને તેના પિતા દ્વારા થયેલા અન્યાયો અને પોતાની એકલતા વિશે વાત કરીને રડી પડે છે. અમિત ચંદનને એકલી મૂકીને રમાને સાથે લઈ જવાની વાત કરે છે એટલે રમાને પણ કુલટા કહીને તેના પર પોતનો ગુસ્સો ઠાલવે છે. આ પીડા અને ગુસ્સાને કારણે ચંદનને હિસ્ટીરિયાનો એટેક આવે છે.

રમા આ બધું જોઈ ડઘાઈ જાય છે. અમિત ચંદનને ખોળામાં લઈને તેને શાંત કરે છે. રમા તેના પગ પકડીને બેસી રહે છે. ધીરે ધીરે ચંદન શાંત થાય છે. અમિત પોતે મોટું ઘર લઈ લેશે પછી ચંદનને તેડી જવાની ખાતરી આપે છે. રમા પણ કહે છે કે જ્યાં સુધી મોટું ઘર નહીં મળે ત્યાં સુધી એ બા સાથે વડોદરા રહેશે. રમેશ મામાને ત્યાં જમવા જવાનું હોઇ ત્રણેય જણ ત્યાં જમવા માટે જાય છે. ચંદન અને રમા રમેશ મામાને ત્યાં જ રોકાઈ જાય છે અને રાત્રે અમિત ઘરે એકલો હોય છે ત્યારે અમિતને ચંદન ટ્રેઈનમાંથી કૂદીને આત્મહત્યા કરી લે છે એવું સ્વપ્ન આવે છે.

સવારે સુમતિ માસીને ચાવી આપી અમિત અમદાવાદ આવી જાય છે. અમદાવાદ આવ્યા પછી પણ ઘણીવાર અમિતને ચંદન વિશેના અવનવા અટકળ ભર્યા સ્વપ્નાઓ આવ્યા કરે છે. અમિત ચંદનને અમદાવાદ લઈ આવવાનું વિચારે છે અને તેને આવતા સ્વપ્નો વિશે સચંદનને પૂછવાનું વિચારે છે. બીજી જ ક્ષણે તેને થાય છે કે મારો અને રમાનો સંસાર જોઈ ચંદનની કચડાઈ ગયેલ ઇચ્છાઓ જાગી ઉઠેશે તો એ વધુ ભાંગી પડશે. આવા અલગ અલગ વિચારોથી ત્રસ્ત અમિત નવું મકાન શોધતો નથી અને વડોદરા પણ જતો નથી. એના સસરાના મૃત્યુના સમાચાર મળવા છતાં પણ રમા પાસે જતો નથી.

શહેરમાં ઉભરાતી છોકરીઓમાં અમિત રમાને શોધવા લાગે છે. અમિત રમાને ચાહતો હોવા છતાં ચંદનથી દૂર રહેવાના વલણને કારણે એ નવું મોટું ઘર શોધતો નથી. એક દિવસ એની મામી રમાને મુકવા અમદાવાદ આવે છે. રમા સાથે ચંદન હશે એવું માની નાયક નીચે ઊતરતો નથી અને ઘરમાં સંતાઈ છે. પરંતુ રમા સાથે માલતી મામીને જોઈ અમિત છોભીલો પડી જાય છે. માલતી મામી રમાને મુકવા આવ્યા હોય છે અને મૂકીને ચાલ્યા જાય છે.

રમાના આવતા અમિતને લાગે છે કે જાણે તેની ઝંખનાઓ, સ્વપ્નાઓ સાકાર થઈને રમા સ્વરૂપે સામે ઉભા છે. અમિત રમાના ખોળામાં માથુ ઢાળીને રમામય બની જાય છે. મધરાતે તેની સાથે સહશયન વખતે કોઈ નવા જ પ્રદેશમાં સ્વપ્ન વિહાર કરે છે. તેને વિશ્વાસ નથી આવતો કે રમાનો સહવાસ વાસ્તવિકતા છે કે તેણે જોયેલું સ્વપ્ન!

રમા ખૂબ જ ઘરરખું અને લાગણીશીલ સ્ત્રી હોય છે. પોતાના નોકર વિઠ્ઠલને એક વાર તાવ આવે છે ત્યારે પણ પિતાની જેમ તેની ચાકરી કરે છે. પોતાના પિતાનું પણ તાવના લીધે જ મૃત્યુ થયું હોવાથી તે ગભરાઈ જાય છે અને ડોક્ટરને લેવા દોડી જાય છે. તેની ગેરહાજરીમાં વિઠ્ઠલ સુમતિ માસીની વાત કરે છે. એ જાણતો નથી કે અમિત સુમતી માસીના ઘરની ઉપર જ રહેતો હતો. આવી જ રીતે વિઠ્ઠલ એમના ઘરે કામ કરતી વખતે માંદો પડ્યો ત્યારે સુમતિ બહેને તેને કેવી સેવા ચાકરી કરી હતી તેની વાત કરે છે. કોલેજ કાળમાં સુમતિબેનના પ્રણય પ્રસંગની વાત કરે છે. આ સમયે નાયકને તેના પિતાના કોલેજ કાળનો ગ્રુપ ફોટો તાજો થાય છે. માતા દ્વારા મુન્નીમાં એને પોતાના ચહેરા જેટલી જ સમાનતા જોવાનું કારણ પણ સમજાય છે. એ પછી ડોક્ટર આવી જતા વિઠ્ઠલ સાજો થઇ જાય છે. થોડા દિવસો બાદ માંદગીને કારણે રમા મૃત્યુ પામે છે. રમા વિના

અમિત નગરની એકલતામાં ગરકાવ થઈ જાય છે. ચંદન પાસે જતો નથી કે નથી તેને અમદાવાદ તેડી લાવતો. માત્ર મનીઓર્ડર કરીને પોતાની જવાબદારી પૂરી કરે છે.

અચાનક એક દિવસ બસ સ્ટોપ પર કોઈ સ્ત્રીને જોઈને અમિતને પરિચિતતાનો ભાવ જન્મે છે. એ સ્ત્રી બીજી કોઈ નહીં પણ સરોજ હોય છે. જેને તે નાનપણમાં રમાડતો હતો તે મુન્ની એટલે જ સરોજ. બસમાં જતી વખતે સરોજ અને અમિત વચ્ચે વાતચીત થાય છે. સરોજને ઈન્ટર સાયન્સમાં છોત્તેર ટકા આવ્યા હોય છે અને અહીં અમદાવાદ મેડિકલમાં એડમિશન માટે આવી હોય છે. સરોજ અમિતને કહે છે કે, ચંદન તેને યાદ કરે છે આથી અમિતે ચંદનને અમદાવાદ તેડી લાવવી જોઈએ. અમિત તેની વાતોનો કોઈ જવાબ આપતો નથી.

સરોજના કાકા અમદાવાદમાં નામાંકિત ધારાશાસ્ત્રી છે. સરોજ તેમને ત્યાં જ રોકાઇ હોય છે. પછી તો અમિત અને સરોજ ઘણીવાર બસમાં મળી જાય છે. સરોજનો સહવાસ અમિતને ગમવા લાગે છે. સરોજને મળવા માટે જ પોતાની ઓફીસ જવાનો સમય પણ અમિત બદલે છે. બસમાં ટિકિટના પૈસા પણ ચૂકવે છે. ક્યારેક ચોકલેટ તો ક્યારેક કોઈ બીજી ભેટ અને ક્યારેક અમિત સરોજના પર્સમાં પૈસા મૂકે છે. જે લેવાની સરોજ આનાકાની કરે છે તો અમિત તેને નોકરી પર ચડતા જ આપી દેવા જણાવે છે અને એમ સરોજને ભેટ લેવા મનાવી લે છે.

હવે અવારનવાર સરોજ અને અમિત મળે છે. અમિત તેનો સામાન અને પુસ્તકો ઉચકતી વખતે પણ સરોજનો સ્પર્શ કરી લે છે. બસમાં સરોજ સાવ સામાન્ય વાત અમિતના કાનની નજીક આવીને કરે છે એનાથી અમિત રોમાંચીત થઇ જાય છે અને એક દિવસ અમિત સરોજને કહી બેસે છે કે સરું હું તને પ્રેમ કરું છું. આ સાંભળી સરોજનું સ્મિત અટકી જાય છે. તે કશો જ જવાબ આપતી નથી. તેના લુખા સ્મિતથી અમિત ઘવાય છે. ઓફિસમાં પણ તે કામ કરી શકતો નથી, કોઈને મળતો પણ નથી, કોઈનો પણ ફોન આપવાની ઓફીસ કર્મચારીને ના પાડે છે. ઓફિસ જવાનો સમય બદલી નાખે છે. એક દિવસ તેને એક કોલ આવે છે. ફોન જોડનાર પર અમિત ગુસ્સે થઈ જાય છે, ઓપરેટર પર્સનલ ફોન હોવાનું જણાવે છે તેથી ફોન ઉઠાવે છે તો સામે છેડે સરોજ હોય છે.

અમિત બે ત્રણ દિવસથી બસ સ્ટોપ પર મળ્યો ન હોવાથી સરોજ અમિતને સાંજે સાડા ચાર વાગ્યે મળવા માટે બોલાવે છે. અમિત હા કે ના કહે એ પહેલાં જ ફોન મૂકી દે છે. અમિત પ્રથમ તો મળવા જવું જ નહીં એમ વિચારે છે પણ તેના દિમાગ પર હૃદય હાવી થઈ જાય છે. ચાર વાગ્યાથી જ સાડા ચાર વાગવાની રાહ જુએ છે. પાંચ પાંચ મિનિટ ગણતા ૦૪:૨૦ વાગે જ સરોજને મળવા નીકળી પડે છે. સરોજ તેને અટીરા લઈ જાય છે. અમિત સર્વપ્રથમ તો તેને કરેલ પ્રસ્તાવ માટે માફી માંગે છે. સરોજ અમિતને જણાવે છે કે એનો વ્યવહાર પણ આ માટે ક્યાંક જવાબદાર રહ્યો છે. સરોજને પ્રેમ શબ્દ સમજાતો નથી. સરોજ એની માતા વિશે જે વાત કરે છે તેની વાત પરથી સરોજની પ્રેમ પ્રત્યે અરૂચિનું કારણ સમજી શકાય છે. જો સરોજ લગ્ન કરવા માંગશે તો તે અમિતને જ પસંદ કરશે એમ જણાવી બંને છૂટા પડે છે. બે વર્ષ સુધી સરોજ અને અમિત વચ્ચે કોઈ સંપર્ક થતો નથી.

રમા વિનાના ઘરમાં ક્યારેક ક્યારેક અમિતના મિત્રો આવે છે. એમાં સુરેશ મુખ્ય છે. ચંદન, રમા અને સરોજના ગયા પછી અમિત ફરી સ્ત્રીઓ તરફ આસક્ત બની દરેક સ્ત્રી તરફ લલચાય છે, કે કોઈ તેને અપનાવે. દરેક સ્થળે તેને સ્ત્રીઓ દેખાય છે. ક્યારેક આ બધા જ વિચારથી કંટાળી મૃત્યુ વિશે વિચારવા લાગે છે. એક વાર તો તેના મિત્રો આવ્યા હોય છે ત્યારે ચાના પ્યાલામાં ઝેર ભેળવીને મૃત્યુના અખતરા કરે છે. જેમાં એક પ્યાલામાં ઝેર નથી હોતું બાકીના પ્યાલામાં ઝેર હોય છે અને મિત્રોને તેમાંથી કોઈ એક પ્યાલો ઉઠાવવાનું કહે છે. મિત્રો તેને ગાંડો ગણી અને પોતાની પાસે જીવવા માટેના કારણો છે એ કારણો આપી અને ત્યાંથી ચાલ્યા જાય છે. વધે છે માત્ર સુરેશ. સુરેશ ત્રણ પ્યાલા ખાલી કરાવે છે અને અડધી અડધી ચા પીવાનું સૂચવે છે એ મુજબ જીવે તો બન્ને જીવી જાય અને મૃત્યુ આવે તો બન્નેને આવે. પરંતુ સદનસીબે બન્ને જીવી જાય છે.

એકલા ખંડમાં વારેવારે સ્વપ્ન, દિવાસ્વપ્નો, ભ્રમણામાં અમિતના મનના વિકારો પ્રગટ થાય છે જે તેને પીડ્યા કરે છે. અમિત એકલો એકલો ક્યારેક પોતાની જાત સાથે, ક્યારેક સરોજ સાથે, ક્યારેક ચંદન સાથે તો ક્યારેક રમા સાથે વાતો કરે છે. અંતે ચંદનની માફી માંગી એની સાથે જ બાકીનો સમય વિતાવવાનું નક્કી કરે છે. આ ક્ષણ અમિતનું મન મહાભિનિષ્ક્રમણ પામે છે. આ ક્ષણે જ સરોજ લગ્નનો પ્રસ્તાવ લઈને અચાનક જ આવી ચડે છે. જેમ સરોજ અમિતના અચાનક પ્રેમ પ્રસ્તાવથી અચંબિત થઈ ગઈ હતી તેમ અમિત પણ અત્યારે અવાચક બની જાય છે. સરોજની

માતા સુમતી માસી અમિતને મળવા માંગતી હોય છે. ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતી સરોજ અમિતને લેવા આવી હોય છે. અમિત સરોજને જણાવે છે કે તારે મને પૂછવું તો જોઈતું હતું. સરોજને એમ કે અમિતે સરોજ સામે પ્રેમનો પ્રસ્તાવ મુક્યો હતો તો આજે પણ સરોજ સાથે લગ્ન માટે તૈયાર હશે. અમિત સરોજને જણાવે છે કે થોડી ક્ષણો પૂર્વે જ તેણે લગ્ન માટેનો વિચાર પડતો મૂકી બાકીનું જીવન ચંદનની સેવામાં વિતાવવાનો નિર્ણય કર્યો છે. અમિત સરોજને સુમતી માસી પાસે મૂકી જવાનું કહે છે પણ સરોજ અમિતના જવાબથી ખિન્ન થઈ ઘર બહાર નીકળી જાય છે. નવલકથાની શરૂઆત અહીંથી જ થાય છે. નાયક સરોજને જતી જોઈ રહે છે અને ત્યારબાદ તેના મનના વિચારો તેને ઘેરી લે છે. અમિત આ પરિસ્થિતિમાં અકળાય છે અને એની જીવનગાથા સ્વપ્ન, દિવાસ્વપ્નો અને આંતરપ્રવાહ દ્વારા પ્રગટ થાય છે.

નવલકથાની શરૂઆત થાય છે. સરોજના જવાથી. 'તેઓ મારા મકાનનો દાદર ઊતરી રહ્યા છે.'(પાના નં.૩) અને અંત થાય છે. 'ને હું જોઇ રહ્યો છું સરોજ, સૂરજ ને પીપળો.' (પાના નં.૧૨૨) સરોજનું ઘરથી બહાર નીકળવું અને તેનું રસ્તા પર જવું. આટલી ક્ષણોની વચ્ચે છે અમિતની ચિત્ત સૃષ્ટિનો વિસ્તાર. બે ક્ષણની નવલકથા વચ્ચે છે અમિતના સમગ્ર જીવનનો મનોવ્યાપાર. અમિતની સ્વગતોક્તિના સ્વરૂપમાં તેના જ મુખે એટલે કે, પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્ર દ્વારા તેની જીવનની કથા રજૂ થાય છે. અમિતની નબળાઇઓ, અસ્વસ્થતા, અસ્થિરતા, નિષ્ફળતા, એકલતા, વિષયીપણું, ભય, બબડાટ, દંભીપણું તેની આંતર ઇચ્છા અને એષણાઓ તેનામાંથી જ બહાર આવી તેની સામે ઊભી રહી જાય છે.

બે વર્ષ પછી સરોજ સામેથી લગ્નનો પ્રસ્તાવ લઇને આવે છે. સરોજ એ ક્ષણે આવે છે જ્યારે અમિત તમામ મોહ ત્યજી ચૂક્યો હોય છે. તેની વાસનાઓ ક્ષિણ થઇ ગઈ હોય છે. અમિત સરોજને જણાવે છે કે, હવે તેના જીવનમાં લગ્ન માટે કોઇ સ્થાન નથી. વાસનાના જ્વાળામૂખીને શાંત કરી ચંદનની સેવા કરવાના નિર્ણયની ક્ષણ જ બને છે અમિતનું મહાભિનિષ્ક્રમણ.

નવલકથાનો નાયક અમિત પ્રથમ પુરુષ એકવચન 'હું'ના કથનકેન્દ્રથી પોતાની વાત કરે છે. અમિતનું સમગ્ર વ્યક્તિત્વ તેના શબ્દોમાં જ રજૂ થયું છે. નવલકથાની શરૂઆતમાં જ તેની અસ્થિરતા રજૂ થઇ છે. 'મારી નસોમાં અવિરતપણે ચાલતું લોહીનું ભ્રમણ એકાએક અટકી ગયું હોય એમ મને લાગે છે. મારા હાથ, પગ, વગેરે જૂઠા પડી ગયા હોય એમ હું તીવ્રપણે અનુભવું છું.

ખુરશીમાંથી ઊભા થઇ શકાતું નથી. હાથની મુઠ્ઠી વાળી શકાતી નથી. મારી આંખો સામેની સ્થિર દીવાલ મને ધ્રુજતી લાગે છે.'(પાના નં.૩) આ સરોજના જવાનો આઘાત હતો કે પછી તેની રોજની અસ્વસ્થતા તે કળવું મૂશ્કેલ છે.

અમિત ચંદન સાથે રહેવા માંગતો નથી. રમા સાથે રહી શકતો નથી અને સરોજ મળતી નથી. મળે છે ત્યારે બધું જ છોડવાનો નિર્ણય કરી ચૂક્યો હોય છે. અમિતનું મન સતત એકલતા અનુભવે છે.

'ફરી પાછો હિલ્લોળે છે રિક્તતાનો મહાસાગર મારા ઓરડાની દીવાલોમાં.'(પાના નં.૩)

'હું મુંઝાઉ છું એકલો એકલો ને હિજરાઉં છું એકલો એકલો,' (પાના નં.૨૩)

'મારી એકલતા અભેધ છે. મારો અવકાશ આંબી ન શકાય એવો છે.' (પાના નં.૪૪)

અમિત પોતાની જાતને નિષ્ફળ વ્યક્તિ માનવા લાગે છે. અમિત તેના જીવનમાં આવેલ ત્રણેય સ્ત્રીઓને સુખી કરી શકતો નથી. તેના વિચારો તેના પર હાવી થતા જાય છે. તેની નિષ્ફળતા પર ચિત્કાર કરી બેસે છે...

'તમારા માધ્યમથી મારી જાતને સાકાર કરવામાં હું અસંખ્યવાર નિષ્ફળ નિવડ્યો છું.' (પાના નં.૮)

આ એકલતા, અસ્વસ્થતા વચ્ચે કથા નાયક અમિત ભય અનુભવે છે.

'ને એ વિષવર્તુલમાં મારી જાતને ફસાઇ ગયેલી જોઇને હું ભયથી ધ્રૂજું છું.' (પાના નં.૭)

આ ભય માત્ર એકલતાનો નથી; સ્ત્રીઓ પ્રત્યેના વિષયી ભાવનો પણ છે.

'હા... હું અંધકારથી બીઉં છું, સ્ત્રીઓની આંખોમાંથી સતત ઝરતા અંધકારથી બીઉં છું.' (પાના નં.૧૧)

આ ભયમાં તેના જ વિચારો તેની સામે ખડા થતા તે અનુભવે છે. મનોમન બબડાટ કરે છે. તેને દૃષ્ટીભ્રમ થાય છે અને અમિત સ્વપ્ન-દિવાસ્વપ્નમાં રાચે છે. પોતાનું દંભીપણું કબુલતા કહે છે...

'હા. હું દંભી... હજાર વાર દંભી... મનમાં કંઇક ને દેખાડવાનું કંઇક.' (પાના નં.૫૬)

અમિતની ઇચ્છા તો છે સ્ત્રીને પામવાની પણ ખુલીને પ્રગટ થતી નથી. આ સ્ત્રીને પામવાની ઝંખનાના મૂળ તો રહેલા છે તેની માતાને પામવામાં.

'સૂવું તો છે જ મા.....!

- તારા ખાલીખમ ખોળામાં

- તારા ખરબચડા હાથોમાં

- તારી સૂકાઇ ગયેલી આંખોમાં

- એક લાંબી ઊંઘ કાઢવી છે તારા સ્વપ્નોમાં.' (પાના નં.૧૯)

તેની આ તીવ્ર ઇચ્છાને પરિણામે રમાના ખોળામાં ઘણીવાર પુત્રની જેમ માથું ઢાળે છે. અમિત તેની માતા પ્રત્યેની મમતા પ્રગટ થવા દેતો નથી. પરંતુ પોતાની જાત પાસે જ કબૂલ કરે છે કે, 'તું મને કાંટા જેવી લાગતી. તારી સાથે રહેવામાં મને શરમ આવતી, તારી સાથે જીવવામાં મને સંકોચ થતો. તારી સાથે વાતોમાં હું નિરસ રહેતો. વારે વારે ગુસ્સો કરતો, અપમાન કરતો. અસહ્ય મૌન પાડતો. તારા વગર જીવવા માટે, તારાથી છૂટવા માટે સતત વિચારો કરતો.' (પાના નં.૨૦)

ચંદનથી ભાગવાના તેના આ પ્રયત્નો બૌદ્ધિક હોય છે. અમિતનું મન જે ક્યારેય ખુલ્લીને લોકો સામે આવતું નથી એ મન સતત સ્ત્રીઓના વિચારમાં રહે છે.

'ઝંખું છું સ્ત્રીઓનો સહવાસ

સ્ત્રીઓનો સથવારો

સુંવાળી સ્ત્રીઓનો સહચાર

સ્ત્રીઓની વળગળમાં

સ્ત્રીઓનાં સ્વપ્નોમાં જાગું છું દિન-રાત

સ્ત્રી જોઇએ છે મારે

સ્ત્રી પામવી છે મારે' (પાના નં.૨૨,૨૩)

અમિત તેની વાસનાઓથી પીડાય છેઃ

'- મારે મારી વાસનાઓ સળગાવવી છે

- મારે મારી ટેવો ઓગાળાવીછે

- મારે મારા રક્તની લાલસાઓ બાળવી છે

- મારે માંસની ઝંખનાઓ ડામવી છે'(પાના નં.૨૪)

અમિતને એક વળગળ છેઃ 'જોયેલા ચહેરાઓનું વળગણ.... તરેહ તરેહની સ્ત્રીઓનું વળગણ'(પાના નં.૧૮) અમિતને તેની સામે આવતી દરેક સ્ત્રી સાથે સંવનન કરવાનું સંવેદન જાગે છે. છોકરીઓને તાકીને જોવાનું એ ચૂકતો નથી. તેને છોકરીઓ જોવામાં અખૂટ રસ પડે છે. તે ભ્રમમાં જીવે છે. 'સ્ત્રી એક સુંવાળો ભ્રમ છે. જિંદગી એક મોહક ભ્રમ છે. ને તોય એમની પાછળ હું સતત દોડું છું. સ્ત્રીઓના ભ્રમમાંથી મુક્ત થવાય તો સારું.'(પાના નં.૨૩) અહીં અમિત સમગ્ર માનવ સમૂહનો પ્રિતનિધિ બને છે. 'હું જન્મ્યો છું માનવીના લોહીની ગુપ્ત મનોકામનાઓમાંથી. હું જન્મ્યો છું માનવીના માંસની વાસનાઓમાંથી. હું જન્મ્યો છું માનવીની ઇચ્છાઓના સંતોષમાંથી... ... ... મારા લોહીમાં કામનાઓ છે. મારા માંસમાં વાસનાઓ છે. મારી અતૃપ્ત ઇચ્છાઓ ઝંખે છે સુંવાળા સ્પર્શ.'(પાના નં.૮૭)

અમિતને તેની માતાનું વ્યક્તિત્વ વારસામાં મળ્યું છે. ચંદનની લજ્જા, લઘુતા, સંકોચ, દુઃખી રહેવાની ટેવ, શંકા-આશંકાઓ અને શ્યામવર્ણ તેને વારસામાં મળ્યો છે. ચંદનની જેમ જ અમિત લાગણીશીલ છે. સરોજ સમક્ષ સ્વીકારે છે કે 'હું લાગણીના અતિરેકથી પીડાઉં છું.'(પાના નં.૫૯) એક વાર તો એમ પણ કહે છે કે, 'મારી બુદ્ધિ મારી લાગણીઓ સાથે સહમત નથી.' (પાના નં.૮૪) આમ અમિતના આતંર મનમાં એક દ્વંદ્વ ચાલી રહ્યું છે. તેની લાગણીઓ ક્યારેક મ્હોરે છે તો ક્યારેક કડડભૂસ થઇને પડી ભાંગે છે. નવલકથાના અંતમાં અમિતના મનનમાં અનેક વિચારો ચાલતા હોય છે ત્યારે આ વિચારો સમયે અમિતને અહેસાસ થાય છે કે તે ચંદનની લાગણીઓ લઇને જન્મ્યો છે. ચંદનના હાડ-માંસ લઇને જન્મ્યો છે. તેના જ સ્પર્શની હૂંફથી ઊછર્યો છે. તેના જ પ્રેમથી પોષાણ પામ્યો છે. એની ઉદાસીથી લેપાયો છે.

સરોજ પણ તેને કહે છે કે, 'અમિત ! તું તદ્દન સેન્ટિમેન્ટલ છે.' (પાના નં.૬૧) તો અમિતનો મિત્ર કોફીમાં ઝેર ભેળવવાના પ્રસંગે ગુસ્સામાં કહી દે છે કે, 'અમિત, રમાના અવસાન પછી તો તું સાવ એબ્નોર્મલ થઇ ગયો છે.' (પાના નં.૪૧)

આવો એબ્નોર્મલ થઇ ગયેલો, સેન્ટીમેન્ટલ, એકલો, અસ્વસ્થ, દંભી અમિત તેની વિષયી ગ્રંથિથી પિડાય છે. અમિતની આવી વ્યક્તિગત ખાસિયતો તેની સ્વગતોક્તી દ્વારા તેના જ શબ્દવાસ્તવમાં રજૂ થઇ છે. પરંતુ જે લાગણીઓ તેના આ વાસ્તવમાં પ્રગટ નથી થઇ તે સ્વપ્નવાસ્તવમાં પ્રગટ થાય છે; ભ્રમ, દિવાસ્વપ્ન અને સ્વપ્ન દ્વારા. જે અમિતના અસલ વ્યક્તિત્વને સામે લઇ આવે છે. જેનાથી અમિત દૂર ભાગે છે તેને જ અમિત સૌથી વધુ ચાહે છે. ખરેખર તો અમિત ઈડિપસ ગ્રંથિથી પીડાય છે.

નવલકથાની શરૂઆતમાં જ ચંદન, રમા અને સરોજ દિવાસ્વપ્નમાં અમિતની સામે પ્રગટ થાય છે. અમિત સાથેના આ ત્રણેયના સંવાદમાં જ અમિતનું સમગ્ર વ્યક્તિત્વ પ્રગટ થઇ જાય છે.

'અમે શબ્દો છીએ છીએ છીએ...!

અમે શબ્દો છીએ છીએ છીએ...!

અમે શબ્દો છીએ છીએ છીએ !' (પાના નં.૮)

અમિતના વિચારો તેના આંતરમનમાંથી નિકળી તેની સામે પ્રગટ થઇ જાય છે. આ વિચારો જાણે કીડિયારાં ઊભરાયાં હોય એમ ઊભરાય છે. અમિત તેની સાથે એકલો એકલો વાતો કરે છે. આમ ચંદન, સરોજ અને રમાનું તેના મનમાંથી બહાર ભ્રમ તરીકે ઉપસ્થિત થવું એ નિત્યક્રમ છે. અમિત આ ત્રણેયની પરોક્ષ હાજરી અનુભવે છે. આ દિવાસ્વપ્નોમાં અમિતના જીવનના સત્ય સમાન ત્રણેય સ્ત્રીઓ સાથેનો સંવાદ નવલકથાની ધરી બને છે, સ્વપ્નની સામગ્રી બને છે. અમિત રમા, સરોજ અને ચંદન વિશે સતત વિચારે છે અને આ જાગ્રત મનના વિચારો અજાગ્રત મનમાં ભ્રમ બની રોજ તેની સમક્ષ પ્રગટ થાય છે.

નવલકથામાં ચંદનની ઘુંટાતી મનઃસ્થિતિ પણ એક સ્થાને સ્વપ્નમાં પરિણમે છે. અહીં તે સ્વપ્નનું વર્ણન નથી કેમકે કથા સર્વજ્ઞ કથક દ્વારા ચાલતી નથી, પરંતુ પ્રથમ પુરુષમાં ચાલે છે. જો સર્વજ્ઞ કથક દ્વારા કથા ચાલતી હોત તો ચંદનનું સ્વપ્ન પણ કથામાં વર્ણન પામ્યું હોત.

અમિતના બાળપણની વાત છે. ચંદનને તેની સાસુ તરફથી મળેલ સદરા સીવડાવવાનું સાટીંગનું કાપડ તેની સંતાન ઝંખનાથી પતિના પ્રેમની ઝંખના સુધી પહોંચે છે. અમિતનની મા ચંદન ઘણીવાર તેના પતિનો અસબાબ ખોલીને તેના અંતરના ઘાને જીવતો રાખે છે. ચંદનનો રંજ સ્વપ્નમાં પતિ સમક્ષ વ્યક્ત થાય છે. સુમતિ સાથેના પતિના સંબંધો, તેનો સાંસારિક કજીયો સ્વપ્નમાં પતિના મનામણાં અને કાકલૂદી તાર સ્વરે પ્રગટ થાય છે. અમિત ઝબકીને જાગી જાય છે. ડરેલા અમિતને ચંદન સાંત્વના આપે છે. 'એ તો જરા સ્વપ્ન આવ્યું હતું.' (પાના નં.૩૭) અહીં સ્વપ્નનું અન્ય શારીરિક કારણ ભૂખ પણ દર્શાવવામાં આવ્યું છે. 'મૂઆં, ભૂખ્યાં પેટે સ્વપ્નાં જ જન્મે ને!' (પાના નં.૩૭)

એક સ્વપ્નમાં અમિત ક્રોસ પર પરિચિત વૃદ્ધાને ચડાવેલી જૂએ છે. 'આ ભીંતની ધવલ સપાટીએથી ખરે છે એક પડ, ને ત્યાં જન્મે છે અવકાશ. ને અવકાશમાં ઊગે છે એક આકાર. એ આકારમાં દેખાય છે એક ઝાંખો ક્રોસ. ને... અરે... આ ક્રોસ પર તો એક માનવ આકૃતિનાં દર્શન થાય છે... ...એક ઝાંખા ક્રોસ પર એક વૃદ્ધાની આકૃતિ સ્પષ્ટ દેખાય છે... ... વૃદ્ધાના શા પાપ ? ... વૃદ્ધાના ચહેરાને ઢાંકવો નથી. વૃદ્ધાને પામવી છે. વૃદ્ધાના મનને તાગવું છે. વૃદ્ધાના દુઃખના મૂળને શોધવા છે. હા, હા. ભીંતનો અવકાશ એક મોટા ક્રોસનું રૂપ ધારણ કરે છે. ને એના ઉપરના ચહેરાનો આકાર સુરેખને સ્પષ્ટ દેખાય છે. એ મોટા ક્રોસની આજુબાજુ ઊગી નીકળે છે બે નાના નાના ક્રોસ. મોટા ક્રોસ ઉપર છે વૃદ્ધાનો પરિચિત આકાર ને બે નાના ક્રોસ ઉપર જમણી તરફ એક પુરુષ અને ડાબી તરફ એક સ્ત્રી નજરે પડે છે. ઉભયના ચહેરા ઉપર અપરાધીઓનું વિલાઈ ગયેલું સ્મિત દૃષ્ટિગોચર થાય છે. અપરાધીઓના ચહેરા ઉપરથી નજર ઝડપથી સરકી જાય છે, કારણ કે, તેઓને ક્રોસ ઉપર સકારણ ચડાવવામાં આવ્યા છે એમ મને લાગે છે. પણ..... આ હસતા ચહેરાવાળી વૃદ્ધાને શા માટે, કોણે આ મોટા ક્રોસ ઉપર ચડાવી છે ? ... આ વૃદ્ધાનો ચહેરો સાવ પરિચિત છે... ... તે મારી સમીપે જ આવતી લાગે છે. એ... આવી... ને ભીંસમાં લીધો મને... .... ને હું ચીસી ઊઠું છું: બા! બા! ચંદન! ચંદન! તું સંત છે. હું જ પાપી છું. હું જ ધિક્કારને પાત્ર છું. હું

જ ક્રોસને લાયક છું. ક્રોસ ઉપર ખાલી પડેલ તારી જગ્યાએ મને જડી દે. મારી વિકારી આંખોને ફોડી દે. મારા કાચા કાનમાં ખીલા ઠોકી દે. તારા વિશે કેવળ સાંભળીને મેં તને ધિક્કારી છે...'(પાના ન.૬૩-૬૪) આ વૃદ્ધાએ બીજું કોઇ નહીં અમિતની માતા ચંદન છે. ક્રોસની જમણી બાજુ પુરુષને નાના ક્રોસ પર ચડાવેલ છે. ભારતીય પરંપરા મુજબ સ્ત્રી પુરુષની ડાબી બાજુ સ્થાન લે છે. તેનું અનુસંધાન અહીં જોઇ શકાય છે. ક્રોસ એ ઇશુને થયેલા અન્યાયનું પ્રતીક છે. આ નાના ક્રોસ પર ચડાવેલ સ્ત્રી પુરુષ એટલે અમિતના પિતા અને સુમતી માસી. એમને સકારણ જ ક્રોસ પર ચડાવ્યા છે એવું અમિતને લાગે છે. અહીં આ ક્રોસ દ્વારા અમિતે ચંદન તરફ કરેલી ઉપેક્ષા, અમિતના પિતા તરફથી મળેલ ઉપેક્ષા તરફ આંગળી ચિંધાઇ છે. અમિતે જાણ્યે અજાણ્યે ચંદનને દુઃખના ક્રોસ પર જડી દિધી છે. અમિતે ચંદનને બાળપણથી ધિક્કારી છે. એ ધિક્કાર માટે અમિત આ સ્વપ્નમાં માતાની માફી માંગે છે. એ રીતે અમિતનો અપરાધભાવ પણ આ સ્વપ્નમાં પ્રગટ થાય છે. અમિતનો તેની માતા પ્રત્યેનો વ્યવહાર ખોટો છે તેની પ્રતીતિ અમિતના આ સ્વપ્ન દ્વારા થાય છે. અમિતની માતાનું તેના તરફ આવવું અને તેને બાથમાં ભીંસવું એ ચંદનની અમિત પ્રત્યેની લાગણી સૂચવે છે. અમિત જાણે છે જે કે ચંદન સાવ એકલી પડી ગઈ છે અને હવે તે એકલી રહેવા માંગતી નથી. તે અમિત સાથે રહેવા ઇચ્છે છે. સ્વપ્નના અંતમાં ચંદન પાસે માફી માંગતો અમિત તેની માતામાં જ સમાઈ જવા ઇચ્છે છે.

આગળ એક સ્વપ્નમાં અમિત કોઇ ટ્રેનમાં સફર કરી રહ્યો છે. મહિસાગર નદીના પુલ પરથી ટ્રેન પસાર થાય છે ત્યારે જ એક વૃદ્ધા ટ્રેનમાંથી નદીમાં ઝંપલાવે છેઃ 'જય મહીસાગર મા. સુખી રાખજે તારાં બાળકોને'(પના ન.૭૯) ને તેમાંની કેટલીક સ્ત્રીઓ સિક્કાઓ નાંખે છે નીચે. સૌથી છેલ્લી ઊઠેલી એક વૃદ્ધા બારી પાસે ઊભેલી એક જુવાન સ્ત્રીને ઝડપથી ખસેડીને બારી આગળના ભાગમાં ધસી જાય છે. પહેલા તે બારીમાંથી ડોકું બહાર કાઢે છે. ને પછીથી આખો દેહ. ને એક મોટો અવાજ થાય છે.''(પાના ન.૭૯) ટ્રેનમાં અફરા-તફરી મચે છે. ધીરે ધીરે ટ્રેનમાં બેસેલા લોકોના સંવાદથી ખબર પડે છે કે નિચે પાણીમાં કુદી જનાર સ્ત્રી ચંદન હતી. લોકોના સંવાદો 'ચંદન... વડોદરા... રાંડેલી બાઇ... એને એક છોકરો છે...' (પાના નં.૮૦) આ બધાં કોલાહલથી અમિત જાગી જાય છે. જાગીને જૂએ છે તો ચંદન સામે ઊભી હોય છે. ચંદન અમિતને ગોદડું ઓઢાડી સૂવડાવે છે. ફરી અમિત જાગી જાય છે અને પોતાની જાતને ઘરની ફર્શ પર ઊંધો પડેલો

જૂએ છે. તેના કપાળમાંથી લોહી નીકળી રહ્યું છે. તેની સામેની દીવાલે ગણપતિનું ચિત્ર દોરેલું નજરે પડે છે. અમિતને થાય છે કે, આ ગણપતિનું ચિત્ર દોરવા જ તેનું કપાળ ફોડી નાખવામાં આવ્યું છે. અમિતના કાનમાં તીવ્ર ધ્વનિ સંભળાય છે. આ ધ્વનિની દિશામાં અમિત આગળ વધે છે. જૂએ છે તો એલાર્મ વાગી રહ્યો હતો.

અમિત તેની માતા ચંદનથી દૂર રહેવા ઇચ્છે છે અને તેના આ વર્તનની અસર ચંદન પર થયા વિના રહેતી નથી. ચંદનને હિસ્ટીરીયાનો હુમલો આવે છે. એ પછી મોડી રાત્રે અમિતને આ સ્વપ્ન આવે છે. અમિત જાણે છે કે, ચંદન માટે સમગ્ર દુનિયા હવે અમિત જ છે. અમિતથી દૂર રહી તે જીવી નહિ શકે અને ચંદન પણ થોડી વાર પહેલા બોલી હોય છે કે હવે એ એકલી જીવી નહિ શકે. અમિતના મનમાં રહેલો છૂપો ડર સ્વપ્નમાં પ્રગટ થાય છે. અમિતને કપાળમાં ઘા પડે છે તે કેવી રીતે પડે છે તેનો કોઇ ઉલ્લેખ મળતો નથી. અમિત સ્વપ્નમાંથી જાગ્યા બાદ પણ કપાળના ઘાને રૂમાલથી સાફ કરે છે. આ બાબત એ અનુમાન તરફ લઇ જાય છે કે, રાત્રે અમિત ઊંઘમાં પડી ગયો હશે અને તેને કપાળમાં વાગ્યું હશે. અહીં અમિત સ્વપ્નમાં ટ્રેનમાં મૂસાફરી કરી રહ્યો છે. આ ટ્રેન તેના હાલક ડોલક થતા જીવનનું પ્રતીક બને છે. અમિતના માથામાં આવતું લોહી તેના લગ્નના ચાંદલાનો સંદર્ભ આપે છે. સ્વપ્નમાં અમિતને લાગે છે કે દીવાલ પર રહેલ ગણપતિનું ચિત્ર દોરવા માટે જ તેનું કપાળ ફોડી નાખવામાં આવ્યું છે. હિંદુ ધર્મમાં લગ્ન વખતે ગણેશ બેસાડવાની વિધિ આવે છે. જેમાં દીવાલ પર ગણેશનું ચિત્ર દોરવામાં આવે છે.

ચંદન અને રમાને વડોદરા એકલા મૂકીને આવી ગયેલા અમિતને દરેક રાત્રીએ ચંદનના સ્વપ્નાઓ આવે છે. તેને સ્વપ્નમાં દેખાય છેઃ ‘બે સમાંતરે રેલવેના પાટાઓ વચ્ચે દોડતો એક સ્ત્રી દેહ. તે દોડીદોડીને ખૂબ થાકી ગયો હોય અમ ઘડીકમાં ધીમો પડી જતો તો વળી ઘડીકમાં ઉતાવળે દોડવા પ્રયત્ન પણ કરતો. તો ક્યારેક અટકતો પણ ખરો. ક્યારેક બેસી પણ જાય. પાછો ઊભો થાય. ને પાછો દોડે. પણ પાટાઓ વચ્ચેની કેડી એમ ના પૂરી થાય. પાટાઓ લંબાય. પેલો સ્ત્રી-દેહ પણ કેવો મરણીયો થઇને વિધવિધ ગતિએ આગળ ધપતો જાય ને પાછળ વિકરાળ પ્રાણી જેવું એન્જિન ધસતું આવે ને એની એકધારી ગતિ તોય પાછળ રહી જાય પેલી સ્ત્રીથી, ને એથી એ પાડે ચીસો. પણ પેલી ખસી જાય તો સ્ત્રી શાની? એની એક જ હઠ. પાટાઓ પૂરા કરવાની જક. કોણ સાંભળે એન્જિનની ચીસો? એ તો આગળ વધતી જાય એન્જિન ચાલક ખૂબ ચીડાય... ... ...

... ને એ...એ...ઇ... અથડાઇ... પટકાઇ... અથડાઇ... પટકાઇ... એન્જિન આગળ ને પાછળ સ્ત્રીનાં ચરણો. સાથળમાંથી ગયા કપાઇ... લાલ...ફૂવારે...પાટાની બહાર...સ્ત્રીનો ઉછળે દેહ... મારી ચંદન...મારી ચંદન... ચંદન મારી બા...'(પાના નં. ૮૨-૮૩)

આ સ્વપ્નમાં અમિત ચંદનને ટ્રેનની નીચે કપાઇને મરતી જૂએ છે. માણસ જેને સૌથી વધુ પ્રેમ કરે તેની સલામતીની કામના પણ કરે છે. આંતર મનમાં આ પ્રિય પાત્રને ક્યાંક હાની થવાનો ભય જીવતો હોય છે. અમિતનો આ ભય અહિ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે. બીજી તરફ એ અનુમાન પણ કરી શકાય કે, અમિત ચંદનનું મૃત્યુ ઝંખે છે. તેના સસરાના મૃત્યુના સમાચાર વખતે જ તે કહે છે કે, 'મારા સસરાના મૃત્યુના સમાચાર મને જચ્યા નહીં. મારેતો જોઇતા હતા ચંદનના મૃત્યુના સમાચાર.'(પાના નં.૮૫) ચંદન વિશેના વિચારો તેને પજવે છે ત્યારે પણ અમિત ચિત્કાર કરી બેસે છે. 'ચંદન તું જા. ક્યાંક જા. નહીં તો મરી જા. તું કયા ભવનો બદલો લેવા જીવતી બેઠી છે ?'(પાના નં.૮૫) ચંદન અમિતની સાથે રહેવા ઇચ્છે છે. જીવનના અનેક ચડાવ ઉતારથી હવે તે થાકી ગઇ છે એ વાત તેની દોડવાની ઉભી રહેવાની વગેરે ક્રિયામાં વ્યંજિત થાય છે. આ સ્વપ્ન પૂર્ણ થયા બાદ લેખકે અમિત સામે એક બિલાડા દ્વારા કબૂતરને ગળેથી પકડીને પીંખતું દર્શાવ્યું છે. આ દશ્ય દ્વારા સુંદર સાદશ્ય રચાયું છે. જેમ બિલાડો કબૂતરને પીંખી રહ્યો છે એમ જ અત્યારે આ સ્વપ્ન વિચારો અમિતના મનને પજવી રહ્યા છે.

રમાના આવ્યા પછી અમિતનું સ્વપ્ન વિશ્વ બદલાય છે. રમાની દ્વારા પોતાની કામનાઓ સંતોષી સુતેલ અમિત મધરાતે તેના પોપચાં ખોલે છે અને તેને અવકાશમાં એક દશ્યનું ચાંદરડું દેખાય છે. નગરથી હજારો જોજન દૂર પોતાની જાતને વસ્ત્ર રહીત સૂતો નિહાળે છે. તેની આસપાસ બરફના પહાડ હોય છે અને ઠંડીને કારણે તેનું શરીર ઠુઠવાઇ ગયું હોય છે. હિમશીલાઓ અમિત તરફ આવે છે. તેના પર એક સ્વરૂપવાન પરી હોય છે. આ પરી તેની પાંખો ફેલાવી અમિત પાસે આવે છે. આ પરીના સ્પર્શથી અમિત બેશુદ્ધ બની જાય છે. આ દેવાંગના સાથેનો શરીર સંયોગ અહીં ગૂફાની હૂંફના પ્રતીક દ્વારા રજૂ થયો છે. આ દેવાંગના એટલે અમિતની પત્ની રમા. તેની સાથે જ મિલનની ક્ષણો બાદ અહીં સ્વપ્ન પ્રગટ થાય છે. 'નગરથી હજારો જોજન દૂર એક સપાટ મેદાનમાં વસ્ત્રરહિત હું સૂતો છું. તીવ્ર ઠંડીથી હું ધ્રૂજું છું. મારી શિરાઓમાં વહેતું લોહી ગતિશૂન્ય થઈ ગયું છે. મારા હાથપગ ખોટકાઈ ગયા છે. મારા હોઠ બિડાઈ ગયા છે... ... ... હું ગૂંગડાઉ છું.

ને મારી આસપાસ ઊભરાય છે તરતા બરફના પહાડ.... એમની દિશા મારા તરફ છે. તેઓ ધીમે ધીમે મારી નજીક આવે છે. ને એ હિમશીલાઓ મારા ખોટકાઈ ગયેલા પગનાં આંગળાંને સ્પર્શે છે... ... હું ગભરાઈને બૂમ પાડવા જાઉ છું. પણ... ત્યાં તો એ હિમશિલાઓ ઉપરથી એક સ્વરૂપવાન પરી એની પાંખો પ્રસારીને આવે છે... ... ...મારા નાભિ દ્વારે ખડકાયેલા પ્રાણવાયુનાં ચોસલાંઓને હું અનુભવી શકતો નથી. ને એ બિડાઇ જાય છે મારાં ખુલ્લાં પોપચાંઓ ને અનુભવું છું ગુફાની હૂંફ. ને એ હૂંફમાં આવી જાય છે મને ઊંઘ... ... ... હું સુખ અનુભવું છું. એ દેવાંગ્નાની સુંવાળી ત્વચાના વારંવારના સ્પર્શથી મને ઘેન ચડે છે. એ એની જમણી પાંખ નીચે મને ધીમેશથી ઢબૂરી દે છે. મારા પોપચાંઓ બીડાઈ જાય છે. ને પાછો હું નીંદરમાં પડી જાઉં છું હા...શ...શાંતિ...નીરવતા...દેવાંગના... સ્ત્રી... સ્ત્રીની પેલે પાર છે ઇશ્વર... ઇશ્વરના સાંનિધ્યમાં નિરાંત... નિ...રાં...ત... નિ...રાં...ત...'(પાના નં. ૯૦-૯૧) જેને સતત પામવાના સ્વપ્ન જોયા હતા તેને સંપૂર્ણ પામી લીધા બાદ સ્વર્ગીય સૂખનો અનુભવ કથાનાયક કરે છે. તેની વાસનાઓ તૃપ્ત થાય છે. કથામાં જે પ્રદેશમાં નાયક પહોંચે છે તે છે કથાનાયકની વાસનાઓ-ઇચ્છાઓનો પ્રદેશ. જે પ્રદેશમાં તેને હિમશીલાઓ દેખાય છે તે હિમશીલા નાયકે દમન કરેલ વાસનાઓ છે. ફ્રોઈડ કહે છે તેમ માનવનું મન હિમશિલા જેવું હોય છે. બહાર તેનો માત્ર દસ ટકા ભાગ જ દેખાય છે. બાકીનો નેવું ટકા ભાગ જોઈ શકાતો નથી. એ મુજબ આ હિમશિલાઓ નાયકના મનનું પ્રતીક બને છે. એ હિમશિલા પર જે સ્વરૂપવાન પરી જોવા મળે છે તે અમિતની પત્ની રમા છે. જ્યારે સ્વપ્નમાંથી જબકીને જાગે ત્યારે રમા તેની પાસે હોય છે અને અમિત તેના કાનમાં ગણગણે છે. 'રમા! રમા! મારી ક્લિયોપેટ્રા.'(પાના નં.૯૨) આમ કથાનાયક રમાને પામીને સંપૂર્ણ બને છે. આ સ્વપ્નમાં કથાનાયકના શબ્દો દ્વારા ઓશોની ફિલોસોફી રજૂ થઇ છે. 'સ્ત્રીની પેલે પાર છે ઇશ્વર... ને ઇશ્વરને પામવા પામવી પડે છે સ્ત્રી.'(પાના નં.૯૧) રજનીશ(ઓશો)ના કહેવા મુજબ જ્યાં સુધી વાસના સંતૃપ્ત નથી થતી ત્યાં સુધી ઇશ્વર પ્રાપ્તી થતી નથી.

આ સ્વપ્ન કથાનાયકની સ્ત્રીને પામવાની વાસનાને સંતોષવાની પરમ સીમા દર્શાવે છે. હિમશીલા એ નાયકની અતૃપ્ત વાસનાઓનો ખડક છે. જે રમાના આવવાથી પીગળે છે. આ હિમશીલા પર આવનાર દેવાગંના એ નાયકની પત્ની રમા જ છે. પણ હવે રમા નથી. રમા મૃત્યુ પામી છે. ચંદન સાથે નથી ત્યારે સાથે છે સરોજ... નાયક અને તેનો મિત્ર સુરેશ સાથે હોય ત્યારે

વિચાર વમળમાંથી સ્વપ્નની સ્થિતિમાં સરી પડે છે. "હા. આંખો મીંચાઇ. બહારથી આંખો બિડાઇ ને અંદર ખુલ્લી આંખોએ જોયો ઘૂઘવતો, છલકાતો દરિયો. ને એમાં તરતા જોયા વિકરાળ મગરમચ્છોના ચહેરાઓ. ને ડૂબતા જોયા પીળા પડછાયાઓ. ને હું મારી નાનકડી હોડીને લાંગરીને બેઠો છું એના કિનારે. પણ એકાએક ઝડપથી ધસમસતા આવતા પવનના ઝપાટે મારી હોડીને લંગર મુક્ત કરી. ને હું ઘસડાવા લાગ્યો પવનની દિશામાં. જળચર પ્રાણીઓની કિકિયારીઓ ઉભરાઈ મારા કાનમાં. ને મેં શ્રવણશક્તિ ગુમાવી... હું ખુલ્લી આંખોએ કેવળ જોઈ શકતો હતો ગતિ -મારી હોડીની, ચહેરાઓની અને મગરમચ્છોની... હું કશુંય સાંભળી શકતો ન હતો. ને કેવળ અનુભવી શકતો હતો પવન.... મારી ગતિની કોઈ ચોક્કસ દિશા ન હતી. ઘડીમાં હું વર્તુળાકારે ભ્રમણ કરતો. ઘડીમાં હું તીરની માફક ચોક્કસ દિશામાં ઘસડાતો. ઘડીમાં હું પાછો ફેંકાઈ જતો. ઘડીમાં હું આડો ધકેલાઈ જતો... ને એમ ને એમ કોઈ અજાણ્યા બળની અસર હેઠળ હું ક્યાંક ઘસડાતો હતો. ક્યાંક ઊંડે ઊંડે સરકતો હતો. ક્યાંક ફેંકાઈ ગયો હોઉં એવો મને ભાસ થયો... મારા અણુએ અણુ કાંપતા હતા ભયથી... ને ઠંડીમાં થીજી ગયેલ મારી ત્વચાએ ગુમાવ્યો સ્પર્શ-ગુણ... ને એટલે પરિસ્થિતિ પામવા આંખો ખોલવી પડી...ખુલ્લી આંખોએ જોયો એક લીલોછમ ટાપુ. ને એ ટાપુના કિનારા પર ફેંકાયેલી હતી મારી નાનકડી હોડી....મારા અંગેઅંગના સાંધાઓ ઝલાઈ ગયા હતા. મારી સર્વેન્દ્રિયો શિથિલ થઈ ગઈ હતી.... મેં આંખોને સાગર તરફ ફેરવી... એનો જલરાશિ દૂરને દૂર ખસવા લાગ્યો. ને મને દેખાવા લાગી ક્ષિતિજો. ને ઓસરી ગયેલા જલના અવકાશમાં ડોકાયો નવો રતૂમડો સૂરજ.... એનો તડકો મારી કાયા પર પડવા લાગ્યો. ને એ તડકાએ પૂર્યો મારી ઇન્દ્રિયોમાં પ્રાણ.... મારી શ્રવણેન્દ્રિયે પડઘાયા પંખીઓના કલરવ. મારી ત્વચાએ સરસી જલની ભીનાશ ને માણી પીળા તડકાની હૂંફ. મારી જીહ્વામાં જાગ્યા આંદોલન. મારી આંખોમાં ઊભરાયા તેજ.... હું જમીન પર ઉતર્યો... મારું મન આગળ જવાની પાડે ના. ને તોય ચરણો ચાલે અવિરત.... દેખાયું એક ઘેઘુર વૃક્ષ. વૃક્ષની ઘટાદાર છાયા. છાયામાંથી ઊપસી આવી નાની એક મઢૂલી... ત્યાં ઘરડી એક દેખાઇ સ્ત્રી.... ચમકી મારા પગરવથી....ટગર ટગર બસ જૂએ. ખડખડાટ એ હસવા લાગી....'ના ઓળખી મને? હું સરોજ.'...'ના, ના. તમે સરોજ નથી'... 'અમિત? ભૂલી ગયો ને સરોજને?'... હું સમીપ એની સરક્યો... બિંબ જોઈને ધ્રુજ્યો મુજનું... ધોખો...ધોખો...ધોખો... સરોજ... સરોજ... સરોજ..." (પાના નં.૧૦૯ થી ૧૧૩)

રમાના જવાથી નાયક એકલો પડી જાય છે. તેની તમામ શક્તિઓ હણાઈ જાય છે. તે સમયે સરોજ આવી તેના જીવનમાં નવા પ્રાણ પૂરે છે. સ્વપ્નના શરૂઆતનો ભાગ આ બાબતને દર્શાવે છે. પણ જેને પામવાના સ્વપ્ન અમિત સેવી રહ્યો છે તેવી સરોજ જ્યારે તેને મળે છે ત્યારે તેનાથી ખિન્ન થઇને મો ફેરવી લે છે. આ છલકતો દરિયો એ અમિતના અતલ મનને દર્શાવે છે. તેમાં ઉઠતા વમળો એ અમિતના વિચારો અને પેલા મગરમચ્છના ચહેરાઓ એટલે અમિતની વાસનાઓ. સરોજ અમિતને છોડીને ગઇ પછી આ સ્વપ્ન આવે છે. જેથી સરોજના સતત વિચારમાં રહેનાર કથાનાયકની મનોદશા અહીં વર્ણવાઇ છે. 'જ્યાં પહોચવાની ઝંખના વર્ષોથી હોય ત્યાં મન પહોંચતાં જ પાછું વળે એમ પણ બને.' મનોજ ખંડેરિયાની આ પંક્તિની જેમ નાયક પણ સરોજને મળે છે ત્યારે છળી ઉઠે છે. આ સ્વપ્ન ભારતીય ફિલસૂફીને પણ દર્શાવી જાય છે કે જે શરીર પાછળ મનુષ્ય દોડ લગાવી રહ્યો છે તે એક દિવસ જીર્ણ થશે, વુદ્ધ થશે અને ત્યારે એની માયા છૂટશે. આ સ્વપ્ન નાયકના ભવિષ્યના નિર્ણય તરફ પણ દિશા નિર્દેશ કરે છે. જ્યારે સરોજ અમિત પાસે લગ્નનો પ્રસ્તાવ લઇને આવે છે ત્યારે અમિત બધું જ છોડી ચંદન પાસે જવાનો નિશ્ચય કરી ચૂક્યો હોય છે. 'દિલગીરી થાય છે તને નાખુશ કરતાં. પણ મેં મારા પ્રેમના અગ્નિને હમણાં જ થોડી મિનિટો પહેલાં ઠારી દીધો છે.' (પાના નં.૧૨૧) બુદ્ધને જેમ જીવનની ક્ષણ ભંગુરતાનું ભાન થાય છે તેમ જ અહીં અમિતને પણ ભાન થાય છે. 'સ્ત્રી એટલે સ્ત્રી. સ્ત્રી એક માનવ. સ્ત્રી કોઇ પ્રકાશ નથી. સ્ત્રી કોઇ ઇશ્વર નથી. સ્ત્રી કોઇ સત્ય નથી.' (પાનાનં. ૧૧૭) અગાઉ સ્ત્રીને પામવાથી ઇશ્વરને પામવાની નિયતિ સમજતા અમિતને બ્રહ્મજ્ઞાન થાય છે. તેનું મન પોકારી ઊઠે છેઃ 'તો ઊઠ, ને ખંખેરી નાંખ તારા ભ્રમને, તારી ઉદાસીને, તારા વિચારોને.'(પાનાનં. ૧૧૭) આ સ્વપ્નાઓ જ નિમિત્ત બને છે અમિતના મહાભિનિષ્ક્રમણ માટે.

નવલકથનો કથા સમય માત્ર એક જ ક્ષણ છે. સરોજ અમિતના ઘરની બહાર નિકળે છે ત્યાંથી કથાની શરૂઆત થાય છે. 'તેઓ મારા મકાનનો દાદર ઊતરી રહ્યા છે.'(પાના નં. ૩) અને અમિત તેને જતા જોઇ રહે છે ત્યાં કથા પુર્ણ થાય છે. 'ને હું જોઇ રહ્યો છું સરોજ, સુરજ ને પીપળો.'(પાના નં.૧૨૨) અમિતના જીવનની આ એક જ ક્ષણ દર્શાવવા ફ્લેશબેક, આંતર એકોક્તિ અને સ્વપ્ન-દિવાસ્વપ્નની પ્રયુક્તિ કામમાં લેવાઈ છે. અહિ રજૂ થયેલ સ્વપ્ન વર્તમાન સમયના નથી; જીવાઈ ગયેલ જીવનના છે. અમિતના સ્વપ્નને રજૂ કરવા ફ્લેશબેક અને આંતર એકોક્તિની

પ્રયુક્તિનો ઉપયોગ થયો છે. આમ એક પ્રયુક્તિને રજૂ કરવા અન્ય પ્રયુક્તિ સહાયક તરીકે કાર્ય કરે છે.

અહિ નવલકથા અને સ્વપ્નો પ્રથમપુરુષના કથન કેન્દ્ર દ્વારા રજૂ થાય છે. મોટેભાગે મનોવૈજ્ઞાનિક નવલકથા પ્રથમ પુરુષના કથન કેન્દ્ર દ્વારા જ રજૂ થતી હોય છે. જેના કારણે લાગણીની સંકુલતાને વધુ સુક્ષ્મ રીતે રજૂ કરી શકાય છે. અહિ આંતર એકોક્તિમાં આ રીતિથી કથામાં લવચિકતા, અને પ્રવાહિતા જોઈ શકાય છે. તો સ્વપ્ન અમિતના ચેતનાના સ્તરે થયેલ અનુભવ દશ્યો રજૂ કરે છે. અહિ એક સ્વપ્ન ચંદનને આવે છે અને બાકીના સ્વપ્નો અમિતને આવે છે. ચંદનના સ્વપ્નનો ઉલ્લેખ માત્ર થયો છે. કેમ કે કથાનો કથક અમિત છે. તે માત્ર પોતાને થયેલ અનુભવ કે પોતે નિહાળેલ દશ્ય જ વર્ણન કરી શકે છે. આથી અહિ કથક અમિત ચંદનને જે સ્વપ્ન આવે છે તેની બાહ્ય સ્થિતિનું જ વર્ણન કરી શકે છે. કોઈ પણ વ્યક્તિ માનવના મનમાં શું ચાલી રહ્યું છે તે જાણી શકતો નથી. હા તે માત્ર અનુમાન લગાવી શકે છે.

સ્વપ્નની ભાષા અને નવલકથાની ભાષામાં જાજો ભેદ જોઈ શકતો નથી. એનું કારણ એ હોઈ શકે બંનેમાં નાયકના મનોવલણો જ રજૂ થયા છે. અહિ ભાષા પ્રવાહી છે. થોડી વેગીલી છે. વાચક આપોઆપ તેમાં ખેંચાતો જાય છે. વ્યવહારની ભાષામાં પ્રત્યાયન કરવાનો હેતુ હોય છે એટલે સામે સાંભળનારને સમજાય એ મુજબની વાક્ય રચના અપેક્ષિત હોય છે. પણ મનમાં એવી કોઈ ગોઠવણ હોતી નથી. વાક્યના નિશ્ચિત ક્રમને નહિ પણ અહિ વિચારોના ક્રમને કથક અનુસરે છે. છેલ્લા સ્વપ્નનું આ વાક્ય જુઓઃ 'એના ભીના કેશરાશિને સૂકવતી ઊભી સરોજ.' (પાના નં.૧૧૧) જો આ વાક્ય વ્યવહારમાં પ્રયોજાયું હોત તો આમ હોતઃ સરોજ ઊભી ઊભી એના ભીના કેશરાશિ સૂકવતી હતી. આમ મનના વિચારોની ગતિ એટલી તીવ્ર હોય છે કે ભાષાની નક્કી કરેલ વ્યવસ્થા ખોરવાઈ જાય છે. અહિ આ ખોરવાયેલ ભાષા એ કથામાં નવી છાપ ઉભી કરી છે.

સંદર્ભઃ મુકુંદ પરીખ, મહાભિનિષ્ક્રમણ, રૂપાલી પ્રકાશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ૧૯૭૩